# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૧૧ • તા.૨૫ જુન થી ૧ જુલાઈ ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





# રજત જયંતિ વર્ષ નિમિત્તે

# કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન

# સંજીવની ડાયમંડ પેટ્રોન તરીકે જોડાઈ



DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI
DEEPAK KARANI
DEEPAK MOMAYA
KALPESH LODAYA
Global Cover
No Room Rent Restrictions
Consumables Benefit Cover
Maternity Cover
Emergency Air Ambulance
OPD Dental Treatment Upto 10000/-
OPD Treatment Upto 5000/-
60 Days-Pre & 90Days Post Hospitalisation
Road Ambulance 5000 per Hospitalisation
Compassionate Travel Upto 20000
High End Diagnostic upto 25000
Bariatric Surgery Cover
No Claim Bonus 50% every year upto 100%
Long Term Policy Discount 10% for 3 yrs Policy
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# જ્ઞાતિના નાના મોટા વ્યવસાયિકોના ઉત્થાન માટે ઐતિહાસિક યોજનો

છેલ્લા ગત બે વર્ષ કોરોનાના કપરા કાળે નાના મોટા, નબળા કે ઘરખમ પરિસ્થિતિના ધંધાર્થીઓની કમર તોડી નાંખી છે. ભાડા ઉપર દુકાન ફેક્ટરી લીધેલા સમય સમયની માંગ મુજબ વસ્તુઓ વહેંચતા ફેરિવાળા કે વેપારી, નાનો ગૃહઉદ્યોગ કરી ગુજરાન ચલાવતા ને લાંબો સમય બજારો બંધ રહેવાથી નોકરી વિહોણા થયેલ નોકરીઆતો આજે પણ પોતાની સ્થિતિ સ્થિર થાય એ માટે ફાંફા મારે છે. કોરાનાની કપરી પરિસ્થિતિ વિવિધ મહાજન, મંડળો, સંસ્થાઓ અને ટ્રસ્ટો એ જીવન જરૂરિયાતની વસ્તુઓ, રોકડ રકમ સહાય સમયાંતરે આપી કપરો સમય પસાર થઈ જાય એ માટે ઘણી મદદ કરી. પણ વ્યવસાયિક રીતે ઊભું થઈ શકાય. સશક્ત બની, ટ્ટાર ઊભા થઈ શકીએ એ માટે રાજ્ય કે કેન્દ્ર સરકાર કોઈ યોજના લાવી શકી નથી. ત્યારે આપણી જ્ઞાતિનું એક ટ્રસ્ટ જે પહેલ કરી યોજના મૂકી છે એ અભૂતપૂર્વ અને ઐતિહાસિક છે.

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આરએચડી ઉન્નતિ વ્યાજ મુક્ત લોન યોજનાનો શુભારંભ તા.૪ જુલાઈ સોમવારથી થઈ રહ્યો છે.

અરિહંત બેંકના માધ્યમથી રૂા.૫૦ હજારથી રૂા.૫ લાખ સુધીની લોન મંજૂર કરાશે. લોન રકમનું ૯.૫ ટકા લેખે વ્યાજ સદર ટ્રસ્ટ ભરપાઈ કરશે. તે ઉપરાંત ૧ ટકા લેખે પ્રોસેસીંગ ફી પણ ટ્રસ્ટ ભરપાઈ કરશે. લોન લેનાર દર મહિને બેંક દ્વારા ઠરાવિક માસિક હપ્તો ભરપાઈ કરવો પડશે એટલી જવાબદારી એની રહેશે.

ઉન્નતિ લોન યોજના આજની પરિસ્થિતિમાં અનિવાર્ય અને ઉપયોગી યોજના છે. જેમાં સંકળાયેલા ત્રણેય પક્ષોને તેમણે કરેલા ઉદ્દેશોમાં ઉત્તીર્ણ કરશે. ટ્રસ્ટનો સંકલ્પ જ્ઞાતિના નાના મોટા વ્યવસાયિકો, ઉદ્યોગકારોનું આર્થિક ઉત્થાન થાય એ છે. જે લોન લેનાર કરજદારોનું વ્યાજ ભરપાઈ કરીને મદદરૂપ થશે. બેંક પોતાના નિયમોને આધીન રહીને લોન આપશે. જે તેના ઉદ્દેશની પૂર્તિ કરશે. બિઝનેસ ગ્રાફ ઊંચે લાવશે તો લોન લેનાર વ્યાજની જવાબદારી વહન કર્યા વિના પોતાના ખપ પુરતી કર્જ રકમ બેંક પાસેથી મેળવી વેપારમાં મુક્તપણે વૃધ્ધિ કરી શકશે. આમ કોઈ બોજ જવાબદારી વગર ધંધો વિકસાવી શકશે. માત્ર બેંક દ્વારા નક્કી કરાયેલ મુદલ રકમના માસિક હપ્તા નિયમિત ભરવા પડશે.

નાની કે સામાન્ય લાગતી આ ઉન્નતિ લોન યોજના ઘણા જણા માટે આર્થિક ઉન્નતિ અને પ્રગતિ લાવી આપશે. આ યોજનાની કલ્પના વેપાર બુધ્ધિ ધરાવનારને જ આવી શકે. આ યોજનાનો લાભ જ્ઞાતિ વ્યાપારીઓ બહોળાપણે લેશે એવી આશા રાખીએ. વ્યાપાર વિકાસ, પ્રગતિ અને વૃધ્ધિનો મારગ આ લોન યોજના જરૂર ખૂલશે. આ નાવિન્ય ઉન્નતિ વ્યાજ મુક્ત લોન યોજના રજૂ કરવા બદલ શ્રી રાયચંદ હંસરાજ ધમરશી ચેરિટેબલ ટ્રસ્ટને અભિનંદન આપવા ઘટે અને જ્ઞાતિજનોનો હિતાર્થ તેમના હૈયે વસેલું છે એ ખેવના પણ આમાં દેખાય છે.

– જય જ્ઞાતિમૈયા

# શ્રેય અને પ્રેયના માર્ગ




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

સમગ્ર જીવન સુખ દુ:ખના તાણવાણાથી વણેલ છે. જેમ દરિયામાં ભરતી અને ઓટ આવે છે. એવી જ રીતે હાર અને જીત, સફળતા અને નિષ્ફળતા, આશા અને નિરાશા, અંધકાર અને અજવાસ આવી પ્રક્રિયાથી ગૂંથેલી છે. હાર એટલે આગામી સમયમાં થનાર જીતનો પાયો છે. હાર અને જીત જિંદગીનો અંતિમ મુકામ નથી. આ પ્રવાહ એ જ તો જીવનમાં આવતા રંગો છે. સુખ અને દુ:ખ ત્રાજવાના બે પલ્લા જેવા છે. કોઈ એકમાં વજન વધે તો બીજું પલ્લુ ઉપર આવી જાય છે. સંતુલન ન રહે તો ક્યારેક સુખનું પલડું ઉપર આવે ક્યારે દુ:ખનું પલડું ઉપર આવે. જ્યાં ભાર છે ત્યાં તાણ પણ વધે છે. જ્યાં અતિરેક છે ત્યાં તણાવ પણ છે.

જે લોકો સરળતા અને સહજતાથી જીવે છે. તેમને અભિમાન જેવું કશું લાગતું નથી. માણસનો અહંકાર મોટે ભાગે ધન, પદ, માન અને પ્રતિષ્ઠામાં રહેલો હોય છે. હું બધાથી ચડિયાતો એવું માનવું એ અહંકાર છે. હું નો ભાવ રાખતો પલડું નીચે આવે એટલે અહંમનો પલડું આસમાનમાં ચડે છે. હું ન હોત તો આ બધું થયું ન હોત. એમ જે વ્યક્તિ કહેતો ફરે છે તે અહંકારથી ભરેલો છે. કેટલીક વખત સરળતા એ પણ સહજતા લાગતી હોવા છતાં તેમાં સ્વાર્થ વધુ ભર્યું હોય છે.

અમુક લોકો શ્રેય, શુભ, કલ્યાણકારી, સારું સૌને હિતકારી મળે એની શોધ કરે છે. તો કોંક લોકો પ્રેમ. પાર્થિવ સુખની શોધ કરે છે. મોટા ભાગના લોકોને મનગમતુ જોઈએ. લવલેશ ઉતરતું ચાલતું નથી. પાર્થિક સુખ સ્વાર્થનો મહિમા દર્શાવે છે. જ્યારે શ્રેયની શોધ કરનારાનો માર્ગ થોડો કઠિન છે. તપ અને સાધનાનો છે. જેમાં ઈન્દ્રિયો અને મનને વશમાં રાખવો જરૂરી હોય છે.

જીવનનું એક રહસ્ય આપણે સમજી લેવું જોઈએ કે જેની પણ ઈચ્છા, અપેક્ષા, લાલસા હશે તે જીવનને દુ:ખી કરી જશે. જેને શોધવા નીકળશું તે અથાક પરિશ્રમ છતાં હાથમાં નહીં આવે અથવા તો સહેલાઈથી મહેનત વગર મળી જશે. જે સામે થઈને સહજતાથી મળે એ સ્વખુશીથી સ્વીકારી લેવાનું હોય છે. વધુ મળે એની લાલચ, લાલસા અંતે દુ:ખ ભણી ધકેલે છે. તેનાથી બચવું જરૂરી છે. સુખને આપણે બહાર શોધી છીએ પણ તેનું મૂળ અંતરમાં પડ્યું છે. તેને ભૂલી જઈએ છીએ અને અમથા અમથા ભટકીએ છીએ. મૃગજળ જેમ, ઝાંઝવાના જળની જેમ ઝંખતા ભટકીએ છીએ.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO

KDO SANJIVANI

# કેડીઓ કલાસિક ફાઉન્ડેશન

KUTCH DISTRICT

KDO CLASSIC

## સંસ્થાએ ૨૫ વર્ષ પૂર્ણ કરતા તેની
## સિલ્વર જ્યુબિલીની ઉજવણી નિમિતે

**શ્રી સમસ્ત મહાજન દ્વારા પ્રેરિત સંજીવની સ્કિમ માટે**

# રૂપિયા 1,00,000 ની

**રકમ ફાળવવામાં આવી છે.**

# સંજીવની ડાયમંડ પેટ્રોન

# રજત જયંતિ વર્ષ નિમિત્તે કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન સંજીવની ડાયમંડ પેટ્રોન તરીકે જોડાઈ

સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની જ્ઞાતિજનો માટેની ઉપયોગી આધાર રૂપ અને અદ્‌ભૂત સહાયક બનતી સંજીવની યોજના ટૂંકા ગાળામાં ઉદાર દિલ દાતાઓનો વિશ્વાસ જીતી લીધેલ છે. આજ દિવસ સુધી ૭૪ કેસને નામ માત્ર જેવા સમયમાં જ જોઈતી મદદ પહોંચાડી તેઓને સારી અને સચોટ સારવાર ઈલાજ મળી માટેની સહાય રકમ મેળવી સમસ્ત મહાજન સાથે સૌ જ્ઞાતિજનોની શુભેચ્છા મેળવી હસી ખુશીથી સ્વસ્થ થઈ પોતાના સ્વઘરે પહોંચ્યા છે.

સંજીવની યોજનામાં વિવિધ પેટ્રોન યોજના છે. સમાજ સેવા અને સંગઠનની નામવંત સંસ્થા પોતાના બહુ ઉપયોગી કાર્યના ૨૫ વર્ષ પૂર્ણ કર્યા. આ સિધ્ધિ ઉપલબ્ધિની ઉજવણી અન્યને ઉપયોગી થાય એવી પ્રવૃત્તિમાં કરવાનો કેડીઓ ક્લાસિકના પદાધિકારીઓ અને સૌ સભ્યોનો ઉમદા ખ્યાલ ખરેખર પ્રશંસનીય છે. સિધ્ધિ વર્ષના શિખરે પહોંચવાનો જશન કોઈ માનવીય લક્ષી પ્રવૃત્તિને સમર્પિત હોય એ માટે રૂા.૧ લાખની ઉદાર રાશિ રકમ કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનએ સંજીવની યોજનામાં નોંધાવી સંજીવની ડાયમંડ પેટ્રોન તરીકે જોડાયેલ છે.

એક વ્યક્તિ કોઈ યોજનાથી અભિભૂત થઈ મદદ કરી શકે પણ અનેક જણનો સમૂહ સંઘ કે મંડળના દરેકે દરેક સભ્ય આ માનવીય કાર્ય માટે સાથ આપે, હાથ આપે એ મેડિકલ સમિતિ અને સમસ્ત મહાજન માટે ગૌરવ કરાવે એવી ઉપલબ્ધિ છે.

કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન તેમના સર્વે પદાધિકારીઓ અને સૌ સભ્યોની અનેક ગણી અનુમોદના.


## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# Anumodana

## Sanjivani Case- 65 Shri Mr. Dilip Padamshi Lodaya , Sayera, Dombivli

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Jain Temple & it's Sadharan fund Trust, Mumbai | 8,000 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Mumbai | 10,000 |
| **Emerald Patron** | |
| Matushri (Kasruribai Visanji Dharamshi & Ratanbai Narshi Dharamshi),Mulund (H: H.D.Fire Protect Pvt Ltd) | 5,000 |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri, Lala,Mulund,(Dubai), H: Tileshbhai & Nileshbhai | 5,000 |
| **Lifetime Patron** | |
| Late Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 2,000 |
| Shri K.D.O. Mandal, Dombivli | 1,000 |
| **Silver Patron** | |
| Shri Nishith Dand and (Vadodara KDO & Non KDO Group), Tera, Vadodara | 1,500 |
| Matushri Ratanben Rayshi Mota & Matushri Gunvantiben Khimji Meisheri, Nani Sindhodi, Raipur | 1,500 |
| Shri Vasantbhai Karamshi Vikamshi, Jakhau, Dadar | 1,500 |
| Smt. Priti & Dhananjay Shah, Naliya, Matunga | 1,500 |
| Matushri Mankbai Laxmichand Shoney ( H: Shri Naresh L. Shoney) Vanku, Ghatkopar | 1,500 |
| Matushri GunvantibenUmarshi Lodaya, Tera, Karanja (Lad) | 1,500 |
| Matushri Madhuriben Bhavanji Lodaya, Kothara, Chalisgaon | 1,500 |
| Matushri Tejbai Lalji Shah (Lodaya) ( H: Arvind Lalji Shah), Varapadhar, Gandhidham | 1,000 |
| Shri Mitesh Madhukant Dharamshi, Kothara, Gandhidham (Kutch) | 1,000 |
| Shri Mahesh Khimji Lalka, Varapadhar, Adipur(Kutch) | 1,000 |
| Shri Dhirendra Anandji Khona Charitable & Memorial Trust, Sandhav, Kutch | 1,000 |
| Shri Bharat Mulji Meisheri, Jakhau, Mulund, Mumbai | 1,000 |
| Smt. Javerben Kunverji (Ramesh) Mota, Rapar, Mulund,Mumbai | 1,000 |
| **Individual Donors** | |
| Smt. Karuna Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000 |
| Smt. Sheela Bharat Dagha, Mulund | 10,000 |
| Well Wisher | 5,000 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000 |
| Shri Nitin Raichand Shah, Suthri - Dombivli | 500 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# ત્રણ સખીઓની મહેનત રંગ લાવી



હીના રાહુલ મૈશેરી-લાલા (મો.નં.૯૮૨૦૬૨૧૮૮૦), છાયા દંડ-સાંધવ (મો.નં.૭૬૬૬૮૬૫૪૯૫) તથા અલકા ખુશાલ મૈશેરી-નલિયા (મો.નં.૯૯૨૦૭૫૬૬૪૬) ત્રણેય સહેલીઓ સંયુક્તપણે ઘરબેઠાં પ્રવૃત્તિની પ્રવૃત્તિ અને વધારામાં કમાણી થાય એનો સુલભ તોડ એક વોટસએપ ગ્રુપ Tummy Filler નામથી બનાવ્યું. જે દ્વારા નાના મોટા ૭૦ થી ૮૦ લોકો માટે નાસ્તા-જમવાના ઓર્ડર મળતા થયા. કસ્ટમરની ઈચ્છા મુજબનું મેનુ જરૂરિયાત મુજબ બનાવી ઘર પહોંચ કરવાનું આ સમય હતો કોરાના કાળનો.

લોકડાઉન સમય કાળ દરમ્યાન એક પરિચિત સહેલી હસ્તા ઠક્કરની પુત્રીના લગ્ન હતા. તેણીએ આ શુભ પ્રસંગે લગ્નના ચાર પાંચ દિવસ અગાઉ બંન્ને ટાઈમ માટે વિવિધ વાનગીઓ બનાવી આપવાનો ઓર્ડર આપ્યો. આ ઓર્ડરને કારણે મનમાં હરખ હતો પણ ટાઈમસર ઓર્ડર ડિલેવરી કરી શકીશું ને તેમના મહેમાનો પૂરતી થશે કે નહી એની અવઢવ હોવાનો ડર પણ હતો. પણ ત્રણેય સહેલીઓ એ આ તક ઝડપી લઈ સમયસર ઓર્ડર પૂરો કર્યો.







પ્રથમ ઓર્ડર આપનાર, તેનો ટેસ્ટ કરનાર બધાને પસંદ પડી. તેઓના પ્રતિભાવ મળતા ત્રણેય બહેનોનો જુસ્સો બમણો થઈ ગયો. તેમના પરિવારના બાળકો પતિ દેવાએ પણ આ જ કાર્યમાં આગળ વધવા પ્રોત્સાહિત કર્યા. આમ લોકડાઉનનો કપરો સમય ત્રિમૂર્તિ મહિલા માટે મોટી તક આપી ગયો. ઘરા પછી દરેક નાના મોટા ઓર્ડર તે દ્વારા થતા અનુભવથી ઘડાતા ગયા અને આનંદથી પ્રવૃત્તિમય થઈ ગયા. આ પછી એક ઓર્ડર આપનાર પોતાની રીતે બીજાને કહે આમ તેમના કસ્ટમર વધતા ગયા.

અત્રે એક પ્રસંગ ઉલ્લેખનીય યોગ્ય છે. કેડીઓ જ્ઞાતિના એલઆયસીના દિગ્ગજ વ્યવસાયિક બિપિનભાઈ નાગડા એમની પુત્રીના ખુશાલીની મહેંદી અને સંગીત સંધ્યાનો મોટો ઓર્ડર આપ્યો તેમણે અમારી કોઈ વાનગીનો ટેસ્ટ ન કર્યો હોવા છતાં એમની બહેનના કહેવાથી તેમણે અમારી વિષે સાંભળી ઘરે બોલાવ્યાને ઓર્ડર આપ્યો. ૮૦ જણ માટે પૂરી રસોઈનો થાળનો ઓર્ડરથી પહેલાં ડરી ગયા ગભરાટ થયો. પણ બિપીનભાઈએ અમને હિંમત બંધાવી અને સાચા મનથી પ્રયત્ન કરશો તો થઈ જશે એ તેમના વાક્યથી કમરકસીને ઓર્ડર પૂરો કર્યો. કેડીઓની ફેમસ આઈટમો મીઠાઈ, પનીર ચીલી સમોસા અને કઈ કેટલી આઈટમ ૧૭ જણની ટીમે જહેમતથી બનવી અને પૂરા મેનુની આઈટમો ટાઈમ ટુ ટાઈમ તેમને પહોંચાડી.

સતત ૩ દિવસની લગાતાર મહેનત પછી જ્યારે સાથે થઈ બેઠા હતા. ત્યારે બિપિનભાઈનો વોઈસ મેસેજ મળ્યો અને તમે સારું ટેસ્ટી ભોજન બનાવ્યું સૌને ગમ્યુ. મહેમાનો પણ પેકીંગ અને આઈટમનો ટેસ્ટ કરી ખુશ થઈ ગયા. આ રીસ્પોન્સ

## વ્યક્તિનો વિકાસ જ્ઞાતિની સમૃધ્ધિ : કોરોના કાળમાં સમૃધ્ધિનો રસ્તો મળ્યો

# ત્રણ સખીઓની મહેનત રંગ લાવી

સાંભળી આંખમાંથી હર્ષના આંસુ આવી ગયા.

તેમણે એક મેસેજ મોકલાવી પોતાની ખુશી બતાવી એટલું જ નહી પ્રશંસા કરતી લખાણની ફ્રેમ બનાવી ત્રણેયને ઘરે બોલાવી સન્માપૂર્વક આપી. ઓર્ડરના બીલ ચેક કર્યા વગર અમે લખ્યા હતા એ મુજબ રકમ ચૂકતે કરી દીધી.

એ દિવસ પછીથી હિંમત મળી ગઈ અને મોટા ઓર્ડર લેવાની શરૂઆત કરી દીધી. આજે ૭ જણથી લઈને ૭૦-૮૦ જણની રસોઈ બનાવી આપે છે. આ કામ કરતા કરતા ત્રણેય જણના પરિવાર નજદિક આવ્યા સતત ઓર્ડર મળતા થયા અને આવક વધતી ગઈ જેની ખુશી બમણી થતી હતી. આમ અથાક મહેનત લેખે લાગી એવું લાગ્યું. અત્યારે તેઓ મુલુંડથી ઘાટકોપર સુધીના ઓર્ડર લઈ ડિલેવરી પહોંચાડી આપે છે. ભવિષ્યમાં આ વિસ્તાર વધે, વધારે જગાએ તેમની આઈટમો પહોંચે એવી ઉમેદ છે અને નવી નવી આઈટમ ઉમેરતા જવાની ઈચ્છા છે.







જ્ઞાતિ માટે એટલો જ સંદેશ તેઓ આપે છે કે સૌની માન્યતા છે અને અગાઉથી કહેવાય છે કે ચાર મળે ચોટલા ભાંગે ઘરના ઓટલા પણ અમે ત્રણ-છ ચોટલા મળીને આ કથની ખોટી પાડી છે. ત્રણમાં બે બહેન છે અને નણંદ ભાભી છે તો પણ હળી મળીને કોઈપણ મગજમારી કર્યા વગર મજાક મસ્તી કરતા કરતા કામ કરીએ અને ઓર્ડર પૂરા કરીએ છીએ. આમ આ કામને બે વર્ષ ક્યારે પૂરા થઈ ગયા એની પણ ગત ન પડી.

કોરોના ના બે વર્ષ અનેક માટે કારમા કટોકટી ભર્યા નિવડ્યા પણ આ કામોઢી, ઉઘમી, સાહસિક મહિલા ત્રિપૂટી માટે કોરોનાનો સમયે કાળ, સુખ અને સમૃધ્ધિનો રાજમાર્ગ કંડારી ગયો એમ કહીએ તો ખોટું નથી. સાહસ કરનારને સિધ્ધિ વરે છે એ કંઈ ખોટું તો નથી.

---

## વ્યક્તિનો વિકાસ એટલે જ્ઞાતિની સમૃદ્ધિ

શ્રી સમસ્ત મહાજનની મિડીયા પ્રસાર સમિતિ દ્વારા બીટુબી ના સહયોગથી એક નવો પ્રકલ્પ શરૂ કરવા જઈ રહ્યા છીએ. આમાં તમે મુશ્કેલ પરિસ્થિતિઓ સામે ખંત ખમીર અને સાહસથી લડીને વ્યવસાય વિકસાવ્યો છે. આપ હુનરને આગળ વધાર્યો છે અને પરિવાર માટે આવકનો સ્ત્રોત ઉભો કર્યો છે. એ પ્રેરણા ભરી વાતો જેમાં ક્યા સંજોગોમાં વ્યાપાર ધંધો શરૂ કર્યો, કેવી તકલીફો સહન કરી આગળ વધ્યા એ બધી વાતો જ્ઞાતિજનો સુધી પહોંચાડવા અને તેમાંથી સૌ કોઈ પ્રેરણા લે એ પ્રયોજનથી જ્ઞાતિમૈયા ઈ મેગેજીનમાં પ્રગટ કરાશે. તો કૃપા કરીને આપેલ લિંક ઓપન કરી ફોર્મમાં વિગતવાર માહિતી આપશો એ વિનંતી.

**અહ્યા ક્લીક કરીને વિગતવાર માહિતી આપીને આ ફોર્મ ભરો**

|| શ્રી શાંતિનાથાય નમો નમઃ ||

શ્રી આર્ય-જય કલ્યાણ-ગૌતમ-દાન-નેમ-ગુણ-ગુણોદય-
કલાપ્રભ-કવિન્દ્ર-વિરભદ્ર-મહોદયસાગર સૂરીભ્યો નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ

મુ. પો. સાંધવ, પો. કોઠારા, તા. અબડાસા, જી. કચ્છ - ૩૭૦ ૬૪૫.
મોબાઈલ : 79843 26566

ચાતુર્માસ મંગળ પ્રવેશ પ્રસંગે

# પધારો... પધારો... સાંધવ નગરે... પધારો...

ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે સાંધવવાસીઓ, નિયાણી બહેનો સહપરિવાર, સકળ સંઘો, પૂજ્યશ્રીઓના પરિવારજનો તથા ભક્તપરિવારો ને પધારવા ભાવભર્યુ આમંત્રણ.

સાહિત્યદિવાકર, અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** ના આજ્ઞાઆશિષથી, **પ.પૂ. નરેન્દ્ર-વિદ્યુત-અરૂણ-ધૈર્ય-યશ-બાગના** **પ.પૂ. સા. શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.** ના સુશિષ્યા **પ.પૂ. સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. સા. શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.** આદીઠાણા-૨ ચાતુર્માસની નિશ્રા શ્રી સંઘને મળતા સકળ સંઘ હર્ષની લાગણી અનુભવે છે.

## પૂજ્યશ્રીનું ચાતુર્માસ પ્રવેશ તથા સામૈયું

**આષાઢ સુદ ૧૩, સોમવાર તા. ૧૧-૦૭-૨૦૨૨ સવારે ૮.૦૦ કલાકે**

**લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવા જેમણે કર્યો એકજ નિર્ધાર**

## ચાતુર્માસના લાભાર્થી પરિવાર

**અ.સૌ. દમયંતીબેન ચાંપશી માણેકજી શાહ (લોખંડવાળા) પરિવાર**

**સાંધવ – ઘાટકોપર**

પુત્ર-પુત્રવધુ : **અ.સૌ. જસ્મીની અતુલ ચાંપશી શાહ**

પુત્રી-જમાઈ : **અ.સૌ. માધવી રાહુલ ખોના**

પૌત્રી : **ઉર્જા, વીહા** • દોહિત્ર : **વીર**

*સાંધવવાસીઓના અંતરીયે ઉમટ્યા આનંદના પૂર,*
*ગુરૂવર્યોના સત્સંગે ખીલવશું આતમ નૂર,*
*શાંતિનાથ દરબારે વાગશે ઢોલ શરણાઈના સૂર,*
*પ્રવેશ પ્રસંગે પધારજો સમયસર સાજન-મહાજન જરૂર...*

ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે આખા દિવસની સાધર્મિકભક્તિનો લાભ આપશોજી.

-: નિમંત્રક :-

લી. **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન સાંધવ વતી,**
પ્રમુખશ્રી **શામજી નરશી દંડ**
**અ.સૌ. દમયંતીબેન ચાંપશી શાહ (લોખંડવાળા) પરિવાર**

# મુલુંડ વેસ્ટ ઝવેર રોડ સંઘમાં સાધ્વી મહારાજ સાહેબનો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો

મુલુંડ વેસ્ટમાં ઝવેર રોડ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સિધ્ધિ વર્ષાશ્રીજી મ.સા. આદિ ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ તા.૨૨ જૂન બુધવારના વાજતે ગાજતે ભવ્ય રીતે થયો. સંઘના શ્રાવક શ્રાવિકાઓ અદ્‌ભૂત ભાવ સાથે પૂજ્ય સાહેબનું ભાવપૂર્વક સ્વાગત કર્યું હતું.





# થાણાના ઈતિહાસમાં પ્રથમવાર મગજ સક્રીયકરણ કોર્સ સરસ્વતી સાધના

મહાતપસ્વી, દક્ષિણ રત્ન પ.પૂ.ગણિવર્યશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં તા.૧૦ જુલાઈ રવિવારના થાણા નગરના ઇતિહાસમાં પ્રથમવાર મગજ સક્રીયકરણ કરવાનો કોર્સ સરસ્વતી સાધના તા.૧૦ જુલાઈ રવિવારના થશે. જેમાં જોડાવવા રજિસ્ટ્રેશન કરવું જરૂરી છે. રજિસ્ટ્રેશન ફોર્મ ગુગલ લીંક https://forms.gle/RVnM4y8TGytWcbZg8 ઉપર ઓનલાઈન ભરી શકાશે. રજિસ્ટ્રેશન ફી રૂા.૨૦૦ છે.

૧૯ વર્ષથી વધુ વયના ભાગ લઈ શકશે.

સરસ્વતી સાધના કરનારના જીવનમાં પ્રસન્નતા, માનસિક સ્થિતિમાં સ્થિરતા, સ્મરણશક્તિમાં તેજસ્વિતા આવશે. વાણી પ્રભાવકતા થશે. સાચી નિર્ણય લેવાની ક્ષમતા વધશે સદ્‌બુધ્ધિનો મૂલાધાર છે આ સરસ્વતી સાધના.

વધુ વિગત માટે સંપર્ક હેમા લોડાયા-૯૭૬૯૯૬૬૪૭૬, કરણ પટેલ-૯૮૨૦૫૬૧૭૬૬.

સરસ્વતી સાધના કોર્સ શ્રી થાણા કવીઓ જૈન સંઘ શ્રી રૂષભ અજિત જિનાલય નવાપાડા થાણા વેસ્ટમાં થશે.




# અચલગચ્છાધિપતિ મ.સા.નો અનેક ગુણાલંકૃત ભગવંતો અને દરેક સંઘોને તપ-આરાધના જોગ સૂચના પત્ર

અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિજી મ.સા. તા.૨૪ જૂન શુક્રવારના અમૃત જ્યોત વિહાર ધામથી અનેક ગુણાલંકૃત સાધુ-સાધ્વી ભગવંતો અને સમસ્ત અચલગચ્છીય સંઘોને ચાતુર્માસિક તપ માટે દરેક સંઘ મહાજનમાં એક જ ચાતુર્માસિક તપ થાય તે માટે સૂચના આપી છે.

તપ બે પ્રકારે છે. એકાંતરે ઉપવાસવાળો શ્રી પંચ મેરૂ સિધ્ધતપ અને લોકનાલી તપ જેમાં ૧૯ એકાસણા, ૯ નિવી, ૫ આયંબિલ અને ૨ ઉપવાસ આ રીતે ૩૫ દિવસની તપ આરાધના છે. એ પત્ર સાથે બંન્ને તપના વિગતના પાના પત્ર સાથે સાધુ સાધ્વીજી માટે બીડેલ છે.




ગુરુગુણસૂરિચરણ રજ
આચાર્ય શ્રી કલાપ્રભસાગરસૂરિ

વિક્રમ સંવત ૨૦૭૮ જેઠ વદ ૧૧
શુક્રવાર તા.24 જૂન 2022
શ્રી અમૃત જ્યોત વિહારધામ

વિનયાદિ અનેકગુણાલંકૃત
આચાર્યશ્રીઓ,ઉપાધ્યાય, ગણિવર્યો,પ્રવર્તકો,સાધુ તથા સાધ્વીજી આદિ ઠાણા જોગ

સાદર અનુવંદના !!!

દેવગુરુધર્માનુરાગી
શ્રી સમસ્ત અચલગચ્છીય કચ્છી ગુર્જર રાજસ્થાન સકલ સંઘો મહાજનો ના
પ્રમુખશ્રી પદાધિકારીઓ અધિકારીઓ ચાતુર્માસિક વ્યવસ્થાપકો

સાદર ધર્મલાભ !!!

આ વર્ષે સાધુ સાધ્વીજી ભગવંતો સહ સંઘો ની વિનંતિ થી ચાતુર્માસિક તપ ની ગોઠવણ કરાવેલ છે.તમારા સંઘ મહાજનમાં ચાતુર્માસ નિશ્રા દાતા સાધુ સાધ્વીજી ભગવંત સાથે વિચારણા કરી યોગ્ય કરશો.દરેક સંઘ મહાજનમાં એક જ ચાતુર્માસિક તપ થાય તે રીતે વિચારશો.
તપ બે પ્રકારે છે,
એકાંતરે ઉપવાસ વાળો શ્રી પંચ મેરુ સિદ્ધપદ તપ જેની સંપૂર્ણ વિગત સાથે છે.
અને લોકનાલી તપ જેમાં 19 એકાસના 9નિવી 5આયમ્બિલ અને 2ઉપવાસ એ રીતે 35 દિવસ નો છે.જેની સંપૂર્ણ વિગત સાથે છે
સાધુ સાધ્વીજી ને આ પત્ર સાથે બન્ને તપના વિગત ના પેજ ની પ્રિન્ટ આપશો..

# મુલુંડ ઈસ્ટ સંઘમાં પ.પૂ.સાધ્વી મહારાજ સાહેબનો ચાતુર્માસ પ્રવેશ અદ્‌ભૂત ભાવ સાથે થયો





તા.૨૩ જૂન ગુરૂવારના મુલુંડ ઈસ્ટ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કિર્તનગુણાશ્રીજી મ.સા.નો અદ્‌ભૂત ભાવ સાથે હર્ષોલ્લાસ ભર્યા માહોલમાં ચાતુર્માસ પ્રવેશ થયો. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉરના અદકેરા ભાવ સાથે સામૈયું કરી સાહેબનું સ્વાગત કર્યું હતું.

શ્રી વાસુપૂજ્ય સ્વામીને નમઃ

# શ્રી ચૈતન્યપુરી (હૈદ્રાબાદ) જૈન સંઘ

## શ્રી વાસુપૂજ્ય જૈન મંદિર

### હૈદ્રાબાદ નગરે ઉપકારી ગુરૂવર પધાર્યા
### ચાતુર્માસિક સંઘપતિના લાભ મળ્યા સવાયા

પ્રવેશોત્સવ

ચાતુર્માસ પ્રવેશ : અષાઢ સુદ-૩, તા. ૧.૭.૨૦૨૨

સસ્નેહ નિમંત્રણ.....



સુજ્ઞ શ્રી ધર્માનુરાગી પરિવારો જોગ,

**શ્રી વાસુપૂજ્ય સ્વામી**ની અમી દ્રષ્ટિ અને **શ્રી ગુણ-ગુણોદય-કલાબ્ધિ સૂરિત્રય**ની કૃપાદ્રષ્ટિથી : **શ્રી ચૈતન્યપુરી અચલગચ્છ જૈન સંઘ**ના આંગણે **પ.પૂ. સા.શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.** આદિ પૂજ્યોની ચાતુર્માસની ઈચ્છાપૂર્તિ પામેલ છે. તેમાં ૨૯ મી ધ્વજાના અવસરે - **શ્રી નરેન્દ્ર'ભા'** ની પ્રેરણાથી અમ પરિવારોને મુખ્ય સંઘપતિનો લાભ શ્રી સંઘ તરફથી પ્રાપ્ત થતાં અમારા અંતર મનમાં ઉમંગ વ્યાપેલ છે.

અમારા ઉત્સાહ અને ઉમંગને વધારવા આપ સૌ કચ્છ, મુંબઈ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, તેલંગાણા, આદિ રાજ્યોમાંથી બધા ગુરૂભક્ત પરિવારો જરૂરથી પધારશો.



**પૂજ્યશ્રીનો પ્રવેશ : અષાઢ સુદ-૩, શુક્રવાર, તા. ૧.૭.૨૦૨૨ ની સલુણી સવારે ૮.૦૦ વાગે અમ ગૃહ આંગણેથી થાશે.**

તો આ અવસરે વહેલા પધારી અમ આંગણા પાવન કરશો. બહારગામથી પધારનારે અગાઉથી ઓફિસમાં જાણ કરવા નમ્ર વિનંતી.

**'ચાતુર્માસ સંઘપતિ'ના મુખ્ય લાભાર્થી :**

**માતુશ્રી લક્ષ્મીબાઈ પ્રેમજી નરશી છેડા 'પ્રેમલક્ષ્મી પરિવાર' ❑ મોટા લાયજા**
**શ્રીમતી મંજુલાબેન ઉત્તમચંદ નરશી મોમાયા પરિવાર ❑ વારાપધર**

લિ. **શ્રી અચલગચ્છ જૈન સંઘ - ચૈતન્યપુરી (હૈદ્રાબાદ)**
ઠે. શ્રી નરેન્દ્ર નંદુ માર્ગ, મારૂતિ નગર, ચૈતન્યપુરી, હૈદ્રાબાદ - 500060.
સંપર્ક : મો. 98499 29600 • મો. 86887 88199

(*451)

# આઈપીએસ પન્ના મોમાયાનું નલિયા તીર્થે જ્ઞાતિ મહાજન દ્વારા બહુમાન કરાયું

વડોદરામાં ડેપ્યુટી કમિશનર ઓફ પોલિસ ઝોન ૧ નો ચાર્જ સંભાળતા જ્ઞાતિના નારી ગૌરવ રત્ન એવા આઈ.પી.એસ. અધિકારી પન્નાબેન મોમાયા નલિયા તીર્થે પધારતા શ્રી કદઓ જૈન જ્ઞાતિ મહાજન નલિયા દ્વારા તેઓનું બહુમાન કરવામાં આવેલ. શાલ, શ્રીફળ અને મોતી માળા પહેરાવી ગૌરવ કરાયું.



# ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડના હેલ્ધી કેડીઓ દ્વારા યોગ દિવસની ઉજવણી કરાઈ






મુલુંડ સ્થિત શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સર્વોદય મંડળ મુલુન્ડ અંતર્ગત સક્રિય હેલ્ધી કેડીઓ ટીમ દ્વારા ઈન્ટરનેશનલ યોગા ડે ના દિવસે સારસ્વતવાડીમાં આરોગ્યમ ઇન્સ્ટિટ્યૂટના નેજા હેઠળ કન્વીનર સંદિપભાઈ શાહ. તેમજ મહેશભાઈ દંડના નેતૃત્વમાં આયોજન કરવામાં આવ્યું હતુ જેની અંદર ભાગ લેનાર સંદીપ શાહ, મહેશ દંડ, છાયા દંડ, દિલીપ દંડ, દિવ્યા દંડ, હિતેશ લોડાયા, રીટા લોડાયા, રાજેશ હેફા, ચાર્મી મોતા, વરૂણ શાહ, પ્રવીણ લાલકા, રશ્મિ શાહ, પ્રવીણ દંડ, દેવકુંવર બેન તેમજ અન્યો એ યોગાના વિવિધ આસનો સાથે પર્ફોમન્સ આપેલ. જીગ્નેશ મોતા.તેમજ અન્ય મેમ્બરોએ પણ હાજરી આપેલ.

પ્રમુખ મયુરભાઈ ધૂલ્લા ના નેતૃત્વ હેઠળ હેલ્ધી કેડીઓ છેલ્લા પાંચ (૫)વર્ષથી સક્રિય પ્રવૃત્તિ કરી રહ્યું છે. જેનો અનેક લોકો લાભ લઇ રહ્યા છે.

......:શ્રી સાંગલી અચલગચ્છ મંડન શ્રી સુપાર્શ્વનાથાય નમ:.....

# શ્રી સાંગલી અચલગચ્છ જૈન સંઘ, સાંગલી

૧૦૫૮, ઉત્તર શિવાજીનગર, શિવાજી સ્ટેડિયમની પૂર્વ બાજુ, સાંગલી - ૪૧૬૪૧૬ (મહારાષ્ટ્ર).ફોન: ૦૨૩૩ - ૨૩૨૦૯૩૨.

તસ્મૈ શ્રી ગુરવે નમ: ॐ હ્રીં શ્રી અર્હં નમ: ॐ નમો મહાકાલી કાયૈ, ॐ ઐં નમ:

શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ-નિતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવિન્દ્ર-વીરભદ્ર-મહોદયસાગર સુરીભ્યો નમ:

# ચાતુર્માસનો શંખનાદ

દિવ્ય કૃપા : રાષ્ટ્રસંત ભારત દિવાકર અચલગચ્છાધીશ્વર પરમ પૂજ્યાચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.

દિવ્યાશિષ : તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મહારાજા સાહેબ ની અસીમ કૃપાથી

આજ્ઞાશિષ : સાહિત્ય દિવાકર, સંઘ કૌશલ્યધાર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રીમદ્ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.

શુભાર્શિવાદ: સાહિત્ય દિવાકર, સંઘ કૌશલ્યધાર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્ કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી પ.પૂ.સા.શ્રી.મહોદયશ્રીજી મ.સા.ના શિ.પ.પૂ.સા.શ્રી યશોદયશ્રીજી મ.સા.

નિશ્રાશિષ: પ.પૂ.સા. ડો.શ્રી હર્ષનીધિશ્રીજી મ. સા. અને પ.પૂ.સા.શ્રી શ્રેયસ્કરાશ્રીજી મ.સા.

## ......અલૌકિક - અનુપમ - અદ્દભુત અવસર આવ્યો આજે.....

ગુરુદેવ પધાર્યા સાંગલી સંઘ આંગણે.....પ.પૂ. ગુરુદેવનો સીલ્વર જુબલી - ૨૫મો ચાતુર્માસ,

શ્રી સાંગલી સંઘ આવકારે અંતરથી, ગુરુદેવ પ્રવેશોત્સવનાં ઉજમણાં

આત્માને ઉજ્જવળ કરતો, જીવનને ' Royal ' ( શાહી ) બનાવતો,

ચાતુર્માસનો અનુમોદનીય અવસર

R : Responsible - વર્તમાન જીવનના સામર્થ્ય થી , આત્મા ના ભવિષ્યની જવાબદારી સંભાળવાનો અમુલ્ય અવસર

O : Obedient - અનંત ગુણોના ધણી એવા શ્રી અરિહંતના આરાધક બની, એમના જેવું સામર્થ્ય મેળવવાનો અવસર

Y : Yern (Desire) - સ્વ-અસ્તિત્વને ઓળખી અનંત શકિત -સામર્થ્યને ઉજાગર કરી અવતારને સફળ કરવાનો અવસર

A : Appreciate - પ્રશંસા ને ગુણોથી ગુણાકાર કરતાં, આત્મ મંથનનો અનુમોદનોત્સવ

L : Love - ફકત્ નિસ્વાર્થ પ્રેમ પ્રભાવથી અવનીતલ થી આકાસમાં વિહરવાનો અવસર

આ ' Royal ' અવસર તા. ૧ - જુલાઇ-૨૦૨૨ના શુભ દિવસે

ચાતુર્માસ પ્રવેશ સવારે ૮-૪૫ કલાકે પ.પૂ. ગુરુદેવનું સામૈયું - શ્રી સાંગલી કચ્છી જૈન ભવન,

વાજતે ગાજતે શ્રી સાંગલી કચ્છી જૈન ભવનથી

શ્રી સાંગલી અચલગચ્છ જૈન સંઘમાં પ્રભુશ્રી સુપાર્શ્વનાથ દરબારે ....

અનંત ભવોના પુણ્ય સંચયથી જિન પ્રભુ ભગવંતોનુ શરણું મળયું છે, આપણી ફરજ છે કે એમના પ્રરૂપેલા માર્ગે શ્રી સંઘના દરેક કાર્યક્રમમા સહભાગી થઇ, જૈન ધર્મની અનુમોદના કરીએ.

ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે સુજ્ઞ ધર્મારાધક - ભાઇઓ - બહેનો ને નમ્ર વિનંતી છે કે આપણે બહોળી સંખ્યામાં પ.પૂ. ગુરુદેવોનું ભવ્ય સ્વાગત કરીએ એજ અભ્યર્થના.....

ત્યારબાદ શ્રી સંઘ ની નવકારશી..... શ્રી સાંગલી અચલગચ્છ જૈન ભવનમા



શ્રી સાંગલી અચલગચ્છ જૈન સંઘના જય જિનેંદ્ર,



# નાગપુરની તેજસ્વી છાત્રા ઉર્વી ધરમશીનું બહુમાન કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીના હસ્તે કરાયું




મૂળ કોઠારા હાલે નાગપુરની ૧૨મા ધોરણના કોમર્સ સ્ટ્રીમમાં ૯૮.૩૭ ગુણાંક મેળવી મહારાષ્ટ્ર રાજ્યમાં પ્રથમ ક્રમાંકે આવેલ ઉર્વી પ્રમેન્દ્ર ધરમશીનું સન્માન કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીના હસ્તે કરાયું. નાગપુરના હુડકેશ્વર એસ્ટેટ વિસ્તારની સેન્ટ પોલ સ્કૂલના ૧૯૮ બાળકો ૯૦ ટકાથી ઉપર માર્ક મેળવી સફળતા હાંસલ કરી છે. તેઓને સન્માન કરવાનો કાર્યક્રમ કોલેજ પરિસરમાં સોમવાર તા.૨૦ જુલાઈના કરાયું હતું. જેમાં અતિથિ વિશેષ તરીકે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી ઉપસ્થિત રહ્યાં હતાં.

કોલેજના સંચાલક રાજાભાઉ ટાકસાંડે, વિપિન ટાકસાંડે, મંદા ટાંકસાંડે, પૂર્વ વિધાયક સુધાર કોલ્હે, પૂર્વમંત્રી રમેશ બંગ હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમનો ૪.૦૮ મિનિટનો યુટ્યૂબ વીડિયો લીંક https://youtu.be/7HpFOsnLYVE ઉપર જોઈ શકાશે.

# કચ્છના તેરા તીર્થે સાધ્વી મહારાજ સાહેબનો ચાતુર્માસ પ્રવેશ તા.૧ જુલાઈના રોજ થશે



વર્તમાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞા આશિષ આદેશથી પ.પૂ.સાધ્વીશ્રી જયલક્ષ્મીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી જયધર્માશ્રીજી મ.સા.નું વર્ષ ૨૦૭૮ માટેનું ચાતુર્માસ કચ્છ તેરા મુકામે પ્રાપ્ત થયેલ છે. ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૩ શુક્રવાર તા.૧ જુલાઈ સવારના ૭.૩૦ કલાકે થશે. આ શુભ અવસરે સૌ ગુરૂ ભક્તો, સ્નેહીજનો, ગામાઈ ભાઈ બહેનો અને નિયાણી બહેનોને પધારવાનુ શ્રી તેરા જૈન સંઘ તરફથી ભાવ સભર આમંત્રણ છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# થાણા સંઘના શ્રી ઋષભ અજિત જિનાલયમાં પ.પૂ. ગણિવર્ય શ્રી ધર્મસાગરજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ થયો





રવિવાર, તા.૧૯ જૂનના રોજ શ્રી થાણા સંઘના શ્રી ઋષભ અજિત જિનાલયમાં પ.પૂ.ગણિવર્યશ્રીધર્મપ્રભસાગરજી મ.સા. આદિઠાણાનું ચાતુર્માસ પ્રવેશ ભવ્ય ઉત્સાહ આનંદના માહોલમાં વાજતે ગાજતે ભવ્યતા સાથે થયું. આગામી ચાર માસ ધર્મ, ભક્તિ અને તપ આરાધના સાથે અદ્‌ભૂત ભાવ સાથે વીતશે એનો હરખ સંઘના શ્રાવક શ્રાવિકોના હૈયે હતો.





# ઘાટકોપર (ઈસ્ટ)ના જીરાવલ્લા દરબારે પ્રશમ રસનિધિ પ.પૂ.આ.ભ.મ.સા.નો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો





તા.૧૯ જૂન રવિવારના સવાર સમયે ઘાટકોપર ઈસ્ટ સંઘના શ્રી જીરાવલ્લા દરબારે પ્રશમરસનિધિ પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા આદિ ઠાણાનો ચર્તુવિધ સંઘની સંગાથે અદ્‌ભૂત ભાવ માહોલમાં વિશાળ જન મેદનીની ઉપસ્થિતમાં ચાતુર્માસ પ્રવેશ થયો. ગુરૂ દર્શનથી ગુરૂ ભક્તોના ઉરે આનંદ ઉલ્લાસનો ભાવ ઉછળતો રહ્યો હતો.

# શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘ દ્વારા ભાંડુપ સંઘ પ્રમુખનું બહુમાન કરાયું






તા.૧૮ જૂન શનિવારના રોજ શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘ દ્વારા સી.પી.ટેંક ખાતે પત્રકાર એવોર્ડ સમારંભ યોજાયેલ જેમાં શ્રી ક.દ.ઓ. જૈન સંઘના પ્રમુખ શ્રી મનોજ લોડાયા ઉપસ્થિત રહ્યાં હતાં. તેમનું પત્રકાર સંઘ દ્વારા ભાવપૂર્વક બહુમાન સ્વાગત કરાયું. આ સમારોહમાં કેડીઓ સમાજના પત્રકાર અભય ખોના અને અમિતભાઈ ધુલ્લા પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા પંચવર્ષીય દાતાઓના સહયોગથી સમૂહલગ્ન સમારોહનું આયોજન

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના ઉપક્રમે પંચવર્ષીય દાતાઓના સહયોગથી તા.૨૭ નવેમ્બર ૨૦૨૨ રવિવાર દિને અનંતનાથ કોમ્પલેક્ષ, કાંજુરમાર્ગ (ઈસ્ટ), મુંબઈ ખાતે સમૂહલગ્ન સમારોહનું આયોજન કરાયેલ છે.

મહાજન તરફથી હોલ, જમણ, મહારાજ ઢોલી, લગ્નપત્રિકા, પાનેતર વિગેરેની સગવડ રહેશે. ઈચ્છુક નવ યુગલોએ પોતાના નામ મહાજનશ્રી કાર્યાલયમાં વહેલી તકે રૂા.૩૦૦૦ પ્રતિ પક્ષ દીઠ ભરીને નોંધાવી લેવા.

વધુ વિગત માટે સંપર્ક મુંબઈ મહાજન કાર્યાલય ૩૦૨/૩૬ નરશી નાથા સ્ટ્રીટ શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર,મુંબઈ-૯. ફોન : ૦૨૨-૨૩૪૪૮૨૭૪. સમૂહ લગ્ન સમિતિ કન્વીનરો મુકેશ લોડાયા-૯૮૨૧૧૫૪૩૨૬ અને અરવિંદ લોડાયા-૯૮૬૭૦૨૫૩૭૫, સમિતિ મેમ્બર ચાંદની લાલકા, દિનેશ લોડાયા, ગુલાબ મૈશેરી, પરેશ ગોસર, રાહુલ મોતા, રોહિત ધરમશી, ટોમેશ નાગડા, વિપુલ લોડાયા, વિપુલ પોલડીયા

# દેવલાલી નગરે ચાતુર્માસ આગમનની વધાઈ સાથે પધારવાનું આમંત્રણ

શ્રી દેવલાલી જૈન શ્વેતાંબર તીર્થ ટ્રસ્ટના આંગણે ચાતુર્માસની વધાઈથી સહુના મુખ પર છવાઈ. આ વર્ષે ચાતુર્માસની આરાધનાર્થે પ.પૂ.સાધ્વીશ્રી પુષ્પાશ્રીજી મ.સા.ના સુશિષ્યા દીર્ઘ સંયમી પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલ્લીશ્રીજી મ.સા. આદિ ઠાણા-૯ની નિશ્રા શ્રી સંઘને મળતા હર્ષની લાગણી પ્રર્વતી છે. પૂજ્યશ્રીનું ચાતુર્માસ પ્રવેશ તથા સામૈયું અષાઢ સુદ ૬ સોમવાર તા.૪ જુલાઈના સવારે ૯ કલાકથી વાજતે ગાજતે અને હૈયે ઉર્મિની લહેર સાથે થશે. ચાતુર્માસ પ્રવેશના પાવન પ્રસંગે પૂજ્યશ્રીઓના સગાસંબંધીઓ, સંસારી કુટુંબીજનો, સ્નેહીજનો તથા સકળ સંઘને દેવોની નગરી દેવલાલી મધે પધારવા સંઘ તરફથી આગ્રહ ભર્યું આમંત્રણ છે. ગુલ મહોર સોસાયટીથી સામૈયું થશે.

ચાતુર્માસ પ્રવેશના લાભાર્થી પરિવાર શ્રીમતી વનિતાબેન વશનજી લીલાધર દેઢિયા, કોટડા-રોહા. ચાતુર્માસ ફંડ યોજના, ચાતુર્માસ મુખ્ય આધાર સ્તંભ દાતા, ચાતુર્માસ સહાયક દાતા ઉપરોક્ત સ્કીમમાં લાભ લેનાર ભાગ્યશાળીઓના નામ દેરાસરના પરિસરમાં ચાર મહિના દરમ્યાન યોગ્ય જગ્યાએ લગાડવામાં આવશે. કર્તવ્ય સમજી સ્કીમમાં લાભ લેવા નમ્ર અરજ.

વધુ માહિતી માટે સંપર્ક જેઠાલાલ નાગડા-૯૩૨૫૩૭૧૯૮૦, શ્રી દેવલાલી જૈન શ્વેતાંબર તીર્થ ટ્રસ્ટ, ગૌતમ સ્વામી કો. ઓ.સો.લિ., બાળગૃહ રોડ, ઓફ લામ રોડ, દેવલાલી કેમ્પ નાશિક-૪૨૨૪૦૧. ફોન : ઓફિસ (૦૨૫૩) ૨૪૭૩૮૨૪, મોબાઈલ : ૯૨૮૪૯૧૫૬૧૫, પ્રીન્સ ભોજનાલય (૦૨૫૩) ૨૪૭૩૧૨૩.

# ભૂલ સુધાર

શ્રી અખિલ ભારત અચલગચ્છ ચાતુર્માસની સૂચિમાં શ્રી ક.દ. ઓ. ખંડવા જૈન સંઘ ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના ચાતુર્માસ પ્રવેશની શનિવાર, તા.૯ જુલાઈ છપાઈ છે. જેમાં સુધારો કરીને તા.૬ જુલાઈ ૨૦૨૨ બુધવાર જાણવી.

**લી.**

**શ્રી ક.દ.ઓ.જૈન-ખંડવા**

# વારાપધ્ધર ગામે પર્યુષણપર્વની આરાધના કરવા માટે દિકરીઓને વિશેષ આમંત્રણ

કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના વારાપધ્ધર નગરના ૧૬૧ વર્ષ પ્રાચીન જિનાલયના આંગણે ગામના જ દીકરી મ.સા. પ.પૂ.સાધ્વી શ્રી કાર્યરક્ષિતાશ્રીજી મ.સા. પર્યુષણ મહાપર્વની આરાધના કરવા કરાવવા પધારી રહ્યાં છે.

અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તીની પ્રવર્તિની મહતરા અચલગચ્છ શ્રમણી નાયિકા પ.પૂ.ગુરૂવર્ય, નવકાર મંત્ર આરાધિકા પ.પૂ.સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા સરળ શાંત, સ્વભાવી, માતૃહૃદયા પ.પૂ.સાધ્વીશ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા.ના શિષ્યા પ્રવચન કરીકા ગૌ વિજ્ઞાની ડૉ. પ.પૂ.સાધ્વીશ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા. (Ph.d.)ના શિષ્યા નૂતન દિક્ષિત પ.પૂ.સાધ્વીશ્રી કાર્યરક્ષિતાશ્રીજી મ.સા. શ્રી સંઘની વિનંતીને સ્વીકારી આ વર્ષે પર્યુષણ મહાપર્વની આરાધના કરવા તા.૨૩ ઓગસ્ટના સકળ સંઘ સાથે શ્રી વારાપધ્ધર તીર્થે પધારી રહ્યા છે.

તો થઈ જાવ તૈયાર ગામવાસીઓ અને નિયાણી બહેનો આપણા ગામમાં આપણા જ ગામના દીકરી મહારાજ સાહેબની પુનિત નિશ્રામાં આરાધના કરવા. પધારો આવો મોકો નહીં મળે.

---

# માંડવીમાં શ્રી શાંતિનાથ દાદાના દરબારે તા.૯ જુલાઈના ચાતુર્માસ પ્રવેશ

કચ્છ પ્રદેશના બંદરીય શહેર માંડવી સંઘના શ્રી શાંતિનાથ દાદાના દરબારે સૂરિમંત્ર, સમારાધક પ.પૂ.આ.ભ.ગુરૂદેવ શ્રી વીરભદ્રસાગરસૂરિજી મ.સા.ના શિષ્ય રત્ન ગુરૂ ગુણોદય કૃપાપાત્ર આ જીવન અંતેવાસી પ.પૂ.ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા ૧૦નું તપ-જપ-ભક્તિ આરાધનામ ચાતુર્માસ પ્રવેશ તા.૯ જુલાઈ શનિવારે થશે. આ અવસરે સાજન મહાજન સૌ પધારવા આમંત્રણ છે. સ્વાગત યાત્રા સવારના ૮.૩૦ કલાકે જૈનપુરીથી થશે.

પધારનારા પૂજ્યો ગણિવર્ય પદે આરૂઢ થઈ સૌ પ્રથમવાર ચાતુર્માસ પધારનારા પ.પૂ.ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી પ્રિયંકરસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી ભાગ્યોદયસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી ભવ્યોદયસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી ગચ્છોદયસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી પ્રશમોદયસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી ગોયમોદયસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી પદમોદયસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી ભગવંતોદયસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી અર્હતોદયસાગરજી મ.સા., આદિ ઠાણા. આ ચાતુર્માસ સ્થળ શ્રી અચલગચ્છ જૈન ઉપાશ્રય, છાપરા શેરી માંડવી-કચ્છ.

---

# કુવાપધ્ધર તીર્થસ્થાને શ્રી ભલારાદાદા સ્થાનકે ૨૫ મો ધ્વજા મહોત્સવ

કુવાપધ્ધર સ્થાને શ્રી ભલારાદાદાને નમતા ભાવિકો અને નિયાણી બહેનોને તા.૩ ડિસેમ્બર ૨૦૨૨ શનિવારના રોજ ૨૫મા ધ્વજા મહોત્સવ અવસરે સહપરિવાર પધારવા ભાવભર્યુ આમંત્રણ છે. ૨૫ મી ધ્વજાના લાભાર્થી પરિવાર માતુશ્રી ગુણવંતીબેન દેવશી ખીંયરાજ જીવાણી હસ્તે અ.સૌ.સ્મિતાબેન રાયચંદ જીવાણી.

ધ્વજા મહોત્સવમાં આવનાર દરેક ભાવિકો રૂા.૩૫૦૦ ભરવાના રહેશે જેમાંથી રૂા.૧૫૦૦ એડવાન્સ પેટે નીચે આપેલ સંપર્ક સૂત્રોને તા.૨૫ જુલાઈ સુધી ભરી નામ નોંધાવવા. વિનોદ મોતા-૯૩૨૧૨૮૬૬૨૭, પદમ મોતા-૯૩૨૧૧૦૧૨૦૧, રાયચંદ જીવાણી-૮૭૭૯૮૭૫૧૦૯, ગુલાબ મોતા-૯૪૧૯૧૬૧૪૨.

તા.૧ ડિસેમ્બર ગુરૂવારના દાદરથી સયાજીનગરી એક્સપ્રેસ દ્વારા કુવાપધ્ધર પ્રયાણ તેમજ તા.૪ ડિસેમ્બર રવિવારના કચ્છ એક્સપ્રેસ દ્વારા ભુજથી મુંબઈ તરફ રવાનગી આ મુજબનો આવવા જવાનો રેલવે પ્રવાસ રહેશે.

---

# પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪નો યવતમાલ તરફનો વિહાર શાતાપૂર્વક આગળ વધી રહ્યો છે

પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી ખંતીગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી મલ્લીગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી ચૈત્યગુણાશ્રીજી મ.સા.,આદિ ઠાણા ૪ તા.૧૯ જૂન રવિવારના દિને વાશિમ જિલ્લાના કારંજા લાડ નગરમાં ભવ્ય આગમન કર્યું. અત્રે બે દિવસની સ્થિરતા કરીને તેઓશ્રી યવતમાલ તરફનો વિહાર કાર્યક્રમ પુનઃ આગળ વધારશે.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

**80G સર્ટિફીકેટ**

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

**For NEFT Transfer**

Type of Account : Saving
ccount Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West) Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● મુંદરાની અદાણી પબ્લિક સ્કૂલના છાત્રો રાયમા અબરાર અનવર અને ધ્રુવાંશ વિનેશ માંકડે કવાકી પિક એન્ડ પ્લેસ ચેલેન્જ નામની સ્પર્ધામાં રોબોટ બનાવી તેને રોબોટ દ્વારા ચલાવીને સમય મર્યાદામાં લક્ષ્ય પ્રાપ્ત કરવાની સ્પર્ધામાં જુદા જુદા રાજ્યોની ૨૫ થી વધુ ટીમોને હરાવીને સ્પર્ધા જીતી હતી.

● મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે રમાઈ ગયેલી પેરા નેશનલ ચેમ્પિયનશિપમાં રાપર તાલુકાના સુવઈ ગામની સરલા મનસુખ સોલંકી એ ટેબલ ટેનિસમાં સતત બીજી વખત ત્રીજુ સ્થાન મેળવી બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. ૨૨ રાજ્યોના ૩૦૦ જેટલા દિવ્યાંગ ખેલાડીઓ ભાગ લીધો હતો. ગુજરાત રાજ્ય વતી સરલાબેન એસ એફ ૮ કેટેગરીમાં ભાગ લઈ કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે. તેમના પતિ મનસુખભાઈ પણ દિવ્યાંગ ખેલાડી છે. તેઓ રાજ્ય પેરા તરણ સ્પર્ધામાં ૨૦૦ મીટરમાં પ્રથમ અને ૫૦ મીટર ફ્રી સ્ટાઈલમાં બીજા ક્રમે સિલ્વર પદ મેળવ્યું છે. સાંસદ વિનોદ ચાવડાએ આ દંપતીને બિરદાવ્યું હતું.

● કચ્છ કુળદેવી મા આશાપુરાના મુખ્ય સ્થાનક માતાના મઢ જાગીરના ગાદીપતિ રાજાબાવા યોગેન્દ્રસિંહજી એ ગાદીપતિ તરીકે ૩૧ વર્ષ પૂર્ણ કરી ૩૨મા વર્ષમાં પ્રવેશ કરતા મુંબઈ, સૌરાષ્ટ્ર તેમજ કચ્છભરના તેમના અનુયાયીઓ તરફથી શુભેચ્છા પાઠવવામાં આવી હતી અને સન્માન કરાયું હતું. ૧૯૯૧ના અખાત્રીજના શુભ દિવસે રાજાબાવા યોગેન્દ્ર સિંહજી મઢ જાગીરના ગાદીપતિ મહંત તરીકે આરૂઢ થયા હતા. ૧૯૬૧માં રચાયેલ મઢ જાગીર ટ્રસ્ટના પણ તેઓ અધ્યક્ષ છે. તેમના ગુરૂ બ્રહ્મલીન રાજાબાવા કરમસિંહજીએ મઢ જાગીર ટ્રસ્ટની સ્થાપના કરી હતી. રાજાબાવા યોગેન્દ્ર સિંહજી મઢ જાગીરના ત્રીસમા મહંત ગાદીપતિ તરીકે કાર્યરત છે.

● અંજારમાં વિરલ યોગ સેન્ટર અને આદિપુરમાં ખુશાલી પાવર યોગ સેન્ટર ચલાવતા વિરલભાઈ આહીર એ સતત ત્રણ કલાક ૧૦ મિનિટ સુધી નોન સ્ટોપ તાળી વગાડી રેકોર્ડ કરતાં ઈન્ડિયા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં તેમનું નામ અંકિત થયું છે. આ રેકોર્ડ સમય દરમ્યાન ૩૩૦૦૦થી વધુ તાળીઓ નોન સ્ટોપ વગાડી હતી.

● ભચાઉના નવચેતન અંધજન મંડળના અંતેવાસીઓ માટે ૫૦ લાખના ખર્ચે વિશાળ ભોજનાલય જગુઆર ફાઉન્ડેશનના આર્થિક સહયોગથી નિર્માણ કરાશે. જેનું માંડવીના ધારાસભ્ય, વીરેન્દ્ર સિંહ જાડેજાએ ભૂમિપૂજન કરાવ્યું હતું. નવચેતન અંધજન વૃધ્ધાશ્રમમાં ૬૫ જેટલા મહિલા પુરૂષો શેષ જીવન વિતાવી રહ્યાં છે. તે પૈકી ૩૦ જેટલા પ્રજ્ઞાચક્ષુઓ છે.

● વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન જીનિવા દ્વારા ગ્રાન્ડ હયાત અબુધાબી (યુ.એ.યુ)માં ગ્લોબલ કોન્કલેવ ઓન મેડિકલ એજ્યુકેશનનું આયોજન અબુધાબી સરકારના સહયોગથી કરાયું હતું. આ ગ્લોબલ સેમિનારમાં આર્થોપેડિક ફિઝિકલ રિહેલ ક્ષેત્રના નિષ્ણાત તરીકે ભુજમાં ડૉ.અમિત એમ. પટેલ જેઓ ૧૫ વર્ષથી સિનિયર એકેડેમેશિયન તરીકે કાર્યરત છે. એમને કી નોટ સ્પીકર તરીકે આમંત્રણ મળ્યું હતું. ડૉ. અમિત પટેલ રોલ ઓફ મેડિકલ એજ્યુકેશન ઈન રીડિફાઈનિંગ હેલ્થકેર સિસ્ટમ પર વ્યાખ્યાન આપ્યું હતું અને ઈન્ટરનેશનલ ફેકલ્ટી સાથે રીસર્ચ ડેવલપમેન્ટન કાર્યપ્રણાલિની માહિતીની આપલે કરી હતી. ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ દ્વારા ડૉ.પટેલની આ સિધ્ધિ માટે શુભેચ્છા અપાઈ છે.

● મુંબઈથી લગ્ન પ્રસંગે વતન આવેલા નારણભાઈ ભ્રાસડિયા રંગેચંગે પ્રસંગ પતાવી કર્મભૂમિ મુંબઈ જવા ફતેહગઢ (તા. રાપર)થી રાત્રે સામખિયાળી રેલવે સ્ટેશન જવા ખાનગી વાહનમાં ગયા. મોડી રાતની ટ્રેન હોવાથી પરિવાર સાથે સામાનમાં એક બેગ ક્યાંક રસ્તામાં પડી ગઈ. પોતાના ખેતરેથી ભરતભાઈ ભલાભાઈ સાદુર કોલી ટ્રેક્ટરમાં ઘરની વાટ પકડે છે. રસ્તામાં એક સૂટકેસ પડેલી મળી. નિરવ એકાંત સૂમસામ જગા અને ઘનઘોર અંધારામાં એ બેગ ઘરે લઈ આવયા. બેગ કોની છે એ ઓળખવા બેગ ખોલી તો આંખો પોહળી થાય એટલા કિંમતી દાગીના એમાં એક કાગળમાં નારણભાઈના નંબર હતા. પળનો વિલંબ કર્યા વગર તરત સંપર્ક કરી જાણ કરી. ફતેહગઢથી નારણભાઈ અને સાથે આગેવાન જીવાભાઈ વાવિયા શાનગઢ ગયા. ઈમાનદાર અને જાજરમાન કોળી પરિવારે તરત જ બેગ સુપ્રત કરી. ફતેહગઢ લેવા પાટીદાર યુવા ચેરિટેબલ ટ્રસ્ટ તથા ફતેહગઢ લેવા સમાજવાડી ભોજનાલય આ પંદર લાખના દાગીના ભરી બેગ પરત કરનાર યુવાનને રૂા.૫૦ હજાર પુરસ્કાર રોકડ રકમ આપી. જેને આ પરિવારે હાથ જોડી ન સ્વીકારી.

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

PRESENTS

# RHD UNNATI LOAN INTEREST FREE



Now Expand & Secure Your Business with Quick & Hassle free Business Loans

**LAUNCH DATE : 4TH JULY 2022**

Minimum ₹ **50000** and
Maximum upto ₹ **5 Lakhs**

ROI 9.5% p.a. will be borne by the trust.

Processing Fee of 1% on the loan amount will be borne by the trust.

The borrower will only have to pay the monthly EMI timely

In Association with

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd 1984

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

FOR ANY FURTHER DETAILS REQUEST YOU TO PLEASE CONTACT ANY OF THE BELOW MENTIONED BRANCHES

| | | | | |
|---|---|---|---|---|
| **MASJID BUNDER** 86526 30384 | **MATUNGA (CR)** 86526 30389 | **GHATKOPAR** 86526 30383 | **BHANDUP** 86526 30381 | **MULUND** 86526 30382 |
| **THANE** 86526 30388 | **DOMBIVALI** 86526 30386 | **BORIVALI** 86526 30390 | **MOHILI VILLAGE** 86526 30385 | **VASHI** 86526 30387 |

KDO

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)